Seat No. : _______________

# MG-103

**March-2022**

**B.Com., Sem.- I**

**SE-101(A) : Financial Accounting**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**સૂચનાઓ :** (1) વિભાગ–**I**નાં **તમામ** પ્રશ્નોના સમાન ગુણ છે.

(2) વિભાગ–**I**માં કોઈપણ **2** પ્રશ્નોના ઉત્તર આપવાનાં છે.

(3) વિભાગ–**II** ફરજિયાત છે.

## વિભાગ–I

કોઈપણ **બે** પ્રશ્નોના જવાબ આપો :

1. સુનીલ, સલીમ અને સેમસન 2 : 2 : 1ના ગુણોત્તરમાં નફો–નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેમની પેઢીનું તા. 31-03-2021ના રોજ વિસર્જન થયું. વિસર્જનની તારીખે પેઢીનું પાકું–સરવૈયું નીચે મુજબ છે : **20**

| જવાબદારીઓ | | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|---|
| મૂડી ખાતા : | | | ફર્નિચર અને ફિક્ષ્ચર | 72,000 |
| સુનીલ | 2,16,000 | | જમીન અને મકાન | 4,32,000 |
| સલીમ | 1,80,000 | | પ્લાન્ટ અને યંત્રો | 72,000 |
| સેમસન | 1,08,000 | 5,04,000 | દેવાદારો | 1,33,200 |
| સામાન્ય અનામત | | 54,000 | સ્ટૉક | 88,200 |
| સલીમની લોન | | 88,200 | લેણી–હૂંડી | 72,000 |
| HDFC બેંકની લોન | | 1,45,800 | રોકડ | 23,400 |
| લેણદારો | | 1,72,800 | નફા–નુકસાન ખાતું (ઉધાર) | 72,000 |
| | | **9,64,800** | | **9,64,800** |

મિલકતોના નીચે પ્રમાણે ઉપજ્યા :

પ્રથમ હપ્તો : 2,34,000 બીજો હપ્તો : 1,29,600

ત્રીજો હપ્તો : 1,36,800 ચોથો હપ્તો : 1,64,880

વિસર્જન ખર્ચ માટે ₹ 54,000ની રકમ અનામત તરીકે રાખવામાં આવી હતી. પરંતુ ખરેખર વિસર્જન ખર્ચ ₹ 43,200 થયો હતો જે ચૂકવવામાં આવ્યો હતો. HDFC બેંકની લોનની સામે જમીન અને મકાન ગીરવે રાખેલ છે. ભાગીદારો વચ્ચે મહત્તમ નુકસાનની પદ્ધતિ મુજબ રોકડની હપ્તે-હપ્તે વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

**અથવા**

"મૂડી-વધારાની પદ્ધતિ" વિશે કાલ્પનિક આંકડા દર્શાવીને વિસ્તૃતમાં સમજાવો.

2. એક્ષપ્રેસ કુરિયર લિમિટેડે ₹ 10નો એક એવા 1,00,000 ઈક્વિટી શેર 10% જામીનગીરી પ્રીમિયમે બહાર પાડ્યા. શેરદીઠ નીચે મુજબ રકમ મંગાવવામાં આવી : **20**

| | |
|---|---|
| શેર અરજી સાથે | ₹ 4 |
| શેર મંજૂરી સાથે | ₹ 5 (જામીનગીરી પ્રીમિયમ સાથે) |
| શેરના પ્રથમ અને આખરી હપ્તા સાથે | ₹ 2 |

કંપનીને કુલ 2,50,000 શેર માટે અરજી મળી. જે પૈકી 1,00,000 શેર અરજીઓ પૂરેપૂરી નામંજૂર કરવામાં આવી. 50,000 શેર અરજી સંપૂર્ણ મંજૂર કરવામાં આવી. બાકીના અરજદારોને પ્રમાણસર શેર મંજૂર કરવામાં આવ્યા. શેર અરજી સાથે મળેલ વધારાના નાણા શેર મંજૂરી પેટે મજરે લીધા.

શ્રી કામિલ જેના 4,000 શેર પ્રમાણસર વહેંચણી મુજબ મંજૂર કરેલ હતા તે શેરના પ્રથમ અને છેલ્લા હપ્તાના નાણા ભરી શક્યા નહિ. તેમના શેર જપ્ત કરવામાં આવ્યા અને તેમને કાનૂની નોટીસ આપ્યા બાદ ₹ 8 લેખે પૂરા ભરપાઈ થયેલ ગણીને શ્રી સાર્થકને ફરીથી બહાર પાડ્યા.

એક્ષપ્રેસ કુરિયર લિમિટેડના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.

**અથવા**

કંપનીની નોંધણી (સ્થાપના) પહેલાના નફાની ગણતરીના સંદર્ભમાં નીચે દર્શાવેલ મુદ્દાને ઉદાહરણ સહિત સમજાવો :

(1) ઓડીટ ફી, સેલ્સમેનનું કમિશન, ડિરેક્ટરની ફી અંગેની હિસાબી અસર

(2) પાઘડીની હિસાબી અસર

(3) વેચાણનું પ્રમાણ અને સમયનું પ્રમાણ

3. મેસર્સ એક્સેલ બ્રધર્સનો ચાલુ ધંધો તેમના દેવાદારો ₹ 8,00,000 તથા લેણદારો ₹ 4,00,000 સિવાય એસેન્ટ લિ. એ ખરીદી લીધો. **20**

કંપનીએ પેઢીના દેવાદારો પાસેથી ઉઘરાણી તથા પેઢી વતી લેણદારોને નાણા ચૂકવી આપવાનું કબૂલ રાખ્યું. જે માટે કંપનીને ઉઘરાણીની રકમના 2% લેખે અને લેણદારો પાસેથી મળતા વટાવના 50% લેખે કમિશન ચુકવવાનું નક્કી થયું.

₹ 40,000ની ઘાલખાધ અને 10% લેખે દેવાદારો પર વટાવ બાદ કર્યા પછી કંપનીએ ₹ 5,40,000 દેવાદારો પાસેથી રોકડામાં વસૂલ કર્યા, જ્યારે 80% લેણદારોને 10% વટાવ કાપીને નાણા ચૂકવવામાં આવ્યા.

કંપનીને ₹ 60,000ની રોકડી વસૂલાત એક એવા દેવાદાર પાસેથી આવી જે રકમ અગાઉના વર્ષમાં ઘાલખાધ તરીકે માંડી વાળવામાં આવેલ હતી. કંપનીએ પેઢીને ચૂકવવાપાત્ર રકમ ચૂકવી આપી.

કંપનીના ચોપડામાં નીચે દર્શાવેલ ખાતા તૈયાર કરો :

(1) એક્સેલ બ્રધર્સનું દેવાદારનું ખાતું

(2) એક્સેલ બ્રધર્સનું લેણદારનું ખાતું

(3) એક્સેલ બ્રધર્સનું ઉપલક ખાતું

(4) રોકડ-બેંક ખાતું

**અથવા**

ધંધાની ખરીદીના સંદર્ભમાં નીચે દર્શાવેલ બાબતને ઉદાહરણ સહિત સમજાવો :

(1) અવેજ પદ્ધતિ

(2) ચોખ્ખી મિલકતની પદ્ધતિ

(3) ધંધાની ખરીદી કરતી વખતે “પાઘડી” કે “મૂડી-અનામત”ની રકમ કેવી રીતે નક્કી થાય છે ?

4. વેવ-સ્ટાર ટેક્ષટાઈલ લિ. કંપની ના. તા. 31-3-2021ના રોજના કાચા-સરવૈયા તેમ જ અન્ય માહિતીમાંથી નીચેની કેટલીક બાકીઓ પરથી કંપની ધારા, 2013ના પરિશિષ્ટ-3 મુજબનું કંપનીનું પાકું સરવૈયું તૈયાર કરો : **20**

| વિગત | રકમ ₹ |
|---|---|
| 1. ઈક્વિટી શેર મૂડી | 15,00,000 |
| 2. મળવાના બાકી હપ્તા | 10,000 |
| 3. પ્લાન્ટ અને યંત્રો | 5,00,000 |
| 4. જમીન અને મકાન | 4,40,000 |
| 5. ફર્નિચર અને ફિક્ચર | 4,00,000 |
| 6. સામાન્ય અનામત | 1,00,000 |
| 7. યસ બેંકની લોન | 2,00,000 |
| 8. પરચૂરણ લેણદારો | 3,00,000 |
| 9. મૂડી-પરત અનામત | 40,000 |
| 10. કાસામીયા ફેબ લિ.ના શેરમાં રોકાણો | 6,00,000 |
| 11. નફા-નુકસાન ખાતું | 1,30,000 |
| 12. હાથ પર રોકડ | 50,000 |
| 13. દેવાદારો | 20,000 |
| 14. સ્ટૉક | 2,00,000 |
| 15. પાઘડી | 50,000 |

**અથવા**

કંપની ધારા, 2013ના પરિશિષ્ટ-3 ભાગ-2 મુજબ નફા-નુકસાનનું પત્રક કાલ્પનિક આંકડા દર્શાવીને તૈયાર કરો.

## વિભાગ–II

5. આપેલ વિકલ્પોમાંથી યોગ્ય જવાબ પસંદ કરો (કોઈપણ **5**) : **10**

(1) ભાગીદારો વચ્ચે રોકડની વહેંચણી વખતે નફા-નુકસાન ખાતાની (ઉધાર) બાકી ________.

(a) રોકડ-સિલકમાં ઉમેરાશે (b) ભાગીદારોની મૂડીમાં ઉમેરાશે

(c) રોકડ-સિલકમાંથી બાદ થશે. (d) ભાગીદારોની મૂડીમાંથી બાદ થશે.

(2) કંપનીના ધંધાની સ્થાપના પહેલાના નફાની ગણતરી કરતી વખતે ઓડિટ ફીની રકમ ________ ફાળવાય છે.

(a) સમયના પ્રમાણમાં (b) વેચાણના પ્રમાણમાં

(c) સ્થાપના પહેલા (d) સ્થાપના બાદ

(3) ભાગીદારો વચ્ચે રોકડની વહેંચણી વખતે જો વિસર્જન ખર્ચની જોગવાઈની રકમ ₹ 18,000 હોય અને ખરેખર વિસર્જન ખર્ચ ₹ 15,000 થયો હોય તો ____________

(a) ₹ 18,000 પ્રથમ હપ્તામાંથી બાદ થશે અને ₹ 3,000 છેલ્લા હપ્તામાં ઉમેરાશે

(b) ₹ 3,000 છેલ્લા હપ્તાની રકમમાં ઉમેરાશે.

(c) ₹ 18,000 પ્રથમ હપ્તામાંથી બાદ થશે.

(d) ₹ 15,000 પ્રથમ હપ્તામાંથી બાદ થશે.

(4) દેવાદારો પાસેથી ઉઘરાણી તથા પેઢી વતી લેણદારોને નાણા ચૂકવી આપવા બદલ મળતા કમીશનની રકમનો ઉપયોગ ________ થાય છે.

(a) મિલકતની રકમને માંડી વાળવા માટે (b) પાઘડીની રકમને માંડી વાળવા માટે

(c) ડિબેન્ચર વટાવની રકમ માંડી વાળવા માટે (d) ઉપરમાંથી એકપણ નહીં

(5) ધંધાની ખરીદી અંગેનો અવેજ (ખરીદ કિંમત) + મૂડી-અનામત = ________.

(a) પાઘડી (b) અવેજ

(c) કંપનીની ચોખ્ખી મિલકત (d) ઉપરમાંથી એકપણ નહીં

(6) જો કાચા-સરવૈયામાં ₹ 2,00,000ના 10%ના ડિબેન્ચર તથા ડિબેન્ચર પર ચૂકવાયેલ વ્યાજ ₹ 10,000 આપેલ હોય, ________ વ્યાજની રકમ કંપનીના નફા-નુકસાન ખાતે ઉધાર થશે.

(a) ₹ 10,000 (b) ₹ 20,000

(c) ₹ 30,000 (d) ઉપરમાંથી એકપણ નહીં

(7) કંપની ધારા, 2013ના પરિશિષ્ટ-3 ભાગ-2 મુજબ નફા-નુકસાનના પત્રકમાં ડિરેક્ટરનું મહેનતાણું _________ શીર્ષક હેઠળ દર્શાવાશે.

(a) અન્ય પ્રત્યક્ષ ખર્ચા
(b) કર્મચારીના લાભ અંગેના ખર્ચા
(c) અન્ય ખર્ચા
(d) ઉપરમાંથી કોઈપણ

(8) ભાગીદારો વચ્ચે રોકડની વહેંચણી વખતે, જો બે ભાગીદારોની લોન ચૂકવવા માટે પુરતી હપ્તાની રકમ ન હોય તો મળેલ રકમની વહેંચણી ભાગીદારો વચ્ચે ________ થાય છે.

(a) નફા-નુકસાનના પ્રમાણમાં
(b) ભાગીદારોની મૂડીના પ્રમાણમાં
(c) ભાગીદારોની લોનના પ્રમાણમાં
(d) સરખા પ્રમાણમાં

(9) કંપનીના ધંધાની સ્થાપના પહેલાના નફાને ________ ખાતે લઈ જવાય છે.

(a) મૂડી નફા
(b) નફા-નુકસાન
(c) મૂડી-પરત અનામત
(d) ઉપરમાંથી એકપણ નહીં

(10) કંપનીના વાર્ષિક હિસાબોમાં પાકા-સરવૈયામાં ________ શીર્ષક હેઠળ જામીનગીરી પ્રીમિયમની રકમ દર્શાવવામાં આવે છે.

(a) ચાલુ જવાબદારી
(b) બિન-ચાલુ જવાબદારી
(c) શેર-મૂડી
(d) અનામત અને વધારો

(11) કન્વર્ઝન મીડિયા લિ. એ શેરદીઠ ₹ 150ની દાર્શનિક કિંમતનો શેર 100% જામીનગીરી પ્રીમિયમ સહિત બહાર પાડ્યા. SEBIની જોગવાઈ મુજબ અરજી સાથે લઘુત્તમ ________ શેર દીઠ રકમ મંગાવી શકાય.

(a) ₹ 30
(b) ₹ 75
(c) ₹ 15
(d) ₹ 7.50

(12) કંપનીએ કંપની ધારા, 2013ના ટેબલ-એ મુજબ અગાઉથી મળેલ હપ્તા ઉપર વધુમાં વધુ ______ વ્યાજ ચૂકવવાનું હોય છે.

(a) 6%
(b) 10%
(c) 12%
(d) 18%

Seat No. : _______________

# MG-103

**March-2022**

## B.Com., Sem.- I

## SE-101 (A) : Financial Accounting

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**Instructions :** (1) **All** Questions in Section – I carry equal marks.

(2) Attempt any **two** questions in Section – I.

(3) Section – II is **compulsory**.

### SECTION – I

Attempt any **two** questions :

1. Sunil, Salim and Samson are partners sharing profits and losses in the ratio of 2 : 2 : 1 respectively. The firm was dissolved on 31-03-2021 and the following is the Balance-sheet on the date of dissolution : **20**

| LIABILITIES | | ₹ | ASSETS | ₹ |
|---|---|---|---|---|
| Capital Accounts : | | | Furniture & Fixtures | 72,000 |
| Sunil | 2,16,000 | | Land & Building | 4,32,000 |
| Salim | 1,80,000 | | Plant & Machineries | 72,000 |
| Samson | 1,08,000 | 5,04,000 | Debtors | 1,33,200 |
| General Reserve | | 54,000 | Stock | 88,200 |
| Loan from Salim | | 88,200 | Bills Receivable | 72,000 |
| Loan from HDFC bank | | 1,45,800 | Cash | 23,400 |
| Creditors | | 1,72,800 | Profit & Loss A/c (Debit) | 72,000 |
| | | **9,64,800** | | **9,64,800** |

The assets realized as under :

First Installment : 2,34,000 Second Installment : 1,29,600

Third Installment : 1,36,800 Fourth Installment : 1,64,880

A sum of ₹ 54,000 was kept aside for dissolution expenses. However, the actual dissolution expense was ₹ 43,200 and was paid off. Loan from HDFC Bank is secured against Land & Building.

Prepare the statement showing Piecemeal Distribution of cash among partners as per Maximum Loss Method.

**OR**

Explain in detail "Surplus Capital Method" with imaginery figures.

2. Express Courier Ltd issued 1,00,000 equity shares of ₹ 10 each at a security premium of 10%. The Amount per share is called up as under : **20**

| | |
|---|---|
| On Application | ₹ 4 |
| On Allotment | ₹ 5 (with security premium) |
| On first & final call | ₹ 2 |

The company received applications for 2,50,000 shares. Out of which applications of 1,00,000 were fully rejected. Applications of 50,000 shares were fully accepted and Pro-rata allotment was made to the remaining applicants. Excess application money was adjusted by company as allotment money.

Mr. Kamil who had been allotted 4,000 equity shares under Pro-rata category could not pay first and final call money on his allotted shares. His shares were forfeited and after giving him legal notice, his shares were reissued to Mr. Sarthak at ₹ 8 per share as fully paid. Write necessary Journal Entries in the books of the Express Courier Ltd.

**OR**

Explain the following with reference to calculate Profit prior to Incorporation of company with the help of example :

(1) Accounting treatment of Audit fees, Salesmen's Commission, Director's fees.

(2) Accounting treatment of Goodwill.

(3) Explain Turnover Ratio & Time Ratio.

3. Ascent Limited has taken over the running business of M/s. Excel Brothers except debtors and creditors worth ₹ 8,00,000 and ₹ 4,00,000 respectively. **20**

The company agreed to collect debts and make payment to creditors on behalf of the firm and charge commission @ 2% on the amount collected from the debtors and @ 50% of the discount received from creditors.

The company has collected ₹ 5,40,000 in cash after a bad debt of ₹ 40,000 and discount of 10% from debtors, whereas 80% creditors have been paid off at 10% discount.

The company has collected ₹ 60,000 in cash from debtors whose account was written off as bad debts in past. The company has paid amount due to the firm.

Prepare the following accounts in the books of the company :

(1) Excel Brother's Debtors Account.

(2) Excel Brother's Creditors Account.

(3) Excel Brother's Suspense Account.

(4) Cash / Bank Account.

**OR**

With reference to Business Purchase, explain the following with the help of example :

(1) Consideration Method

(2) Net Assets Method

(3) How would you determine "Goodwill" & "Capital Reserve" in Business Purchase ?

4. The following are the balances extracted from the Trial Balance & other data of Weavestar Textiles Ltd. as on 31-03-2021. Prepare the Balance-sheet as per Part-I of Schedule-III of the Companies Act, 2013 including relevant Schedule Notes : **20**

| **PARTICULARS** | **AMOUNT (₹)** |
|---|---|
| 1. Equity Share Capital | 15,00,000 |
| 2. Calls in arrears | 10,000 |
| 3. Plant & Machinery | 5,00,000 |
| 4. Land & Building | 4,40,000 |
| 5. Furniture & Fixtures | 4,00,000 |
| 6. General Reserve | 1,00,000 |
| 7. Loan from YES Bank Ltd. | 2,00,000 |
| 8. Sundry Creditors | 3,00,000 |
| 9. Capital Redemption Reserve | 40,000 |
| 10. Investment in shares of CASAMIA Fab Ltd. | 6,00,000 |
| 11. Profit & Loss Account | 1,30,000 |
| 12. Cash on hand | 50,000 |
| 13. Debtors | 20,000 |
| 14. Stock | 2,00,000 |
| 15. Goodwill | 50,000 |

**OR**

Explain with imaginery figures, the format of Profit and Loss Statement as per Part-II of Schedule-III of the Companies Act, 2013.

## SECTION – II

5. In the following questions, more than one option is given. Select the correct answer (Attempt any **Five**) : **10**

(1) In Piecemeal distribution of cash, the debit balance (Loss) of Profit & Loss account

(a) will be added to Cash balance

(b) will be added to Partner's Capital A/c

(c) will be deducted from Cash balance

(d) will be deducted from Partner's Capital A/c

(2) Audit fees during calculation of Profit prior to incorporation of a company is allocated ________.

(a) in time ratio (b) in sales ratio

(c) in Pre-incorporation. (d) in Post-incorporation.

(3) In case of piecemeal distribution of cash among partners, if reserve for dissolution expense is ₹ 18,000 and actual dissolution expense is ₹ 15,000, then ____________

(a) ₹ 18,000 will be deducted from the 1st installment & ₹ 3,000 will be added to the last installment.

(b) ₹ 3,000 will be added to the last installment.

(c) ₹ 18,000 will be deducted from the 1st installment.

(d) ₹ 15,000 will be deducted from the 1st installment

(4) The commission earned on collection from debtors and payment made to creditors is utilized to ________.

(a) write off Assets (b) write off Goodwill

(c) write off Debenture discount (d) None of the above

(5) Purchase Consideration of Business + Capital Reserve = _________.

(a) Goodwill (b) Consideration

(c) Net Assets of the Company (d) None of the above

(6) If 10% Debentures of ₹ 2,00,000 are given in the Trial-balance and interest on Debenture paid is ₹ 10,000, then interest amount to be debited to Profit & Loss Account is _____.

(a) ₹ 10,000 (b) ₹ 20,000

(c) ₹ 30,000 (d) None of the above

(7) The Director's remuneration will be shown under the head '_______________' in the notes to Profit & Loss Statement as per Part-2 Schedule III of the Companies Act, 2013.

(a) Other Direct Expenses (b) Employee's benefit Expenses

(c) Other Expenses (d) Any of the above

(8) If the installment amount is not sufficient to repay two partner's loan in Piecemeal Distribution of cash, then the cash will be distributed between partners

(a) in Profit & Loss ratio (b) in Partner's capital ratio

(c) in Loan ratio (d) in Equal ratio

(9) Profit prior to incorporation of a company is transferred to ________.

(a) Capital Profit
(b) Profit & Loss account
(c) Capital Redemption Reserve
(d) None of the above

(10) In case of Final accounts of Company, the Security Premium account is shown in the Balance Sheet under the head of________.

(a) Current liabilities
(b) Non-current liabilities
(c) Share Capital
(d) Reserve & Surplus.

(11) Conversion Media Ltd. issued Equity shares of ₹ 150 each at 100% security premium. The minimum amount per share to be called with application as per SEBI's Guidelines is _______.

(a) ₹ 30
(b) ₹ 75
(c) ₹ 15
(d) ₹ 7.50

(12) The maximum rate of interest paid by company on Calls in Advance as per Table-A of Company's Act, 2013 is________.

(a) 6%
(b) 10%
(c) 12%
(d) 18%